# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત બીજા નાગરિક પુરસ્કાર સમારોહમાં પદ્મ પુરસ્કારો પ્રદાન કર્યાં.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "નાગરિક દેવો ભવ:"ના વિચાર સાથે અધિકારીઓને શાસનમાં નાગરિકોને કેન્દ્રમાં રાખવાનો આગ્રહ કર્યો.

3) વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચેના કરાર પછી અગિયાર ભારતીય જહાજો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયા.

4) શ્રી અમરનાથ યાત્રાની તૈયારીઓના ભાગ રૂપે, સુરક્ષા દળોએ અમરનાથ બેઝ કેમ્પ ખાતે એક મોકડ્રીલ યોજી.

5) ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય શૂટર્સે આજે ત્રણ ચંદ્રક જીત્યા.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PADMA AWARDS - EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત બીજા નાગરિક પુરસ્કાર સમારોહમાં પદ્મ પુરસ્કારો પ્રદાન કર્યા.

પદ્મ પુરસ્કાર દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંનો એક છે. આ ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે: પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. પત્રકાર પી. નારાયણનને સાહિત્ય અને શિક્ષણ માટે પદ્મ વિભૂષણ અને ભૂતપૂર્વ ન્યાયાધીશ કે.ટી. થોમસને સમાજ સેવા માટે પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ ટેનિસ ખેલાડી વિજય અમૃતરાજ, અભિનેતા મામૂટી અને પાર્શ્વ ગાયિકા અલકા યાજ્ઞિકને પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવ્યા હતા.

સરકારે આ વર્ષે કુલ ૧૩૧ પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી હતી. આમાં પાંચ પદ્મ વિભૂષણ, ૧૩ પદ્મ ભૂષણ અને ૧૧૩ પદ્મ શ્રી એવોર્ડનો સમાવેશ થાય છે. ૧૯૫૪માં શરૂ કરાયેલા આ પુરસ્કારોની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક દિવસે કરવામાં આવે છે. તેઓ કલા, સાહિત્ય, શિક્ષણ, રમતગમત, દવા, સમાજ સેવા, વિજ્ઞાન અને ઇજનેરી, જાહેર બાબતો અને વેપાર અને ઉદ્યોગ સહિત વિવિધ ક્ષેત્રો અને શાખાઓમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપે છે.

# PM : NAGRIK DEVO BHAVA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “નાગરિક દેવો ભવ:”ના વિચાર સાથે અધિકારીઓને શાસનના નાગરિકોને કેન્દ્રમાં રાખવાનો આગ્રહ કર્યો છે.

પ્રધાનમંત્રીએ આજે નવી દિલ્હીમાં વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં સહાયક સચિવ તરીકે નિયુક્ત ભારતીય વહીવટી સેવાના 2024 બેચના 183 તાલીમાર્થી અધિકારીઓ સાથે વાતચીત કરી. શ્રી મોદીએ યુવા સિવિલ કર્મચારીઓને 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને કેન્દ્રમાં રાખીને કાર્ય કરવા આગ્રહ કર્યો.

પ્રધાનમંત્રીએ યુવા સનદી કર્મચારીઓને દૃઢ નિશ્ચય, નવીનતા અને નાગરિક-કેન્દ્રિત શાસન સાથે રાષ્ટ્રનિર્માણ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી. સર્વગ્રાહી સરકારી અભિગમ માટે હાકલ કરતા, શ્રી મોદીએ કહ્યું કે અર્થપૂર્ણ અને કાયમી પરિણામો પ્રાપ્ત કરવા માટે વિભાગો વચ્ચે અસરકારક સંકલન જરૂરી છે.

વિકસિત ભારત 2047 ના વિઝનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી દાયકાઓમાં દરેક નીતિ અને વહીવટી નિર્ણયનો હેતુ વિકસિત ભારતનું નિર્માણ હોવો જોઈએ.

# REV MEA BRIEFING-1

વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું કે ફારસના ખાડી ક્ષેત્રમાં દસ ભારતીય ધ્વજવાળા જહાજો હજુ પણ છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નવી દિલ્હીમાં જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચેના કરાર પછી અગિયાર ભારતીય જહાજો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયા છે. આમાં ત્રણ ભારતીય ધ્વજવાળા ક્રૂડ ઓઇલ ટેન્કર, એક વિદેશી ધ્વજવાળા LPG કેરિયર, એક ક્રૂડ ઓઇલ ટેન્કર અને છ ખાતર કાર્ગો જહાજોનો સમાવેશ થાય છે. તેમણે આશા વ્યક્ત કરી કે બાકીના ભારતીય ધ્વજવાળા જહાજો ટૂંક સમયમાં હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થઈ શકશે.

કતારમાં થયેલા વિસ્ફોટ અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું કે આ ઘટનામાં 12 ભારતીય નાગરિકોની થઈ હતી. તેમણે ઉમેર્યું કે કુલ 66 લોકો ઇજાગ્રસ્ત  થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત મૃતકોના મૃતદેહો પાછા લાવવા માટે કતાર સરકાર સાથે કામ કરી રહી છે.

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરની પરિસ્થિતિ પર પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફની ટિપ્પણી અંગે, પ્રવક્તાએ કહ્યું કે આવા નિવેદનો પડોશી દેશ દ્વારા પોતાની નિષ્ફળતાઓ છુપાવવા અને માનવાધિકાર ઉલ્લંઘનોથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ છે. તેમણે જણાવ્યું હતું કે ભારત આ બનાવટી દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનની દાયકાઓ જૂની નીતિનું પરિણામ છે.

----2-----

# REV MEA BRIEFING-2

બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક અંગે, શ્રી જયસ્વાલે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગઈકાલે ઈરાન, ઇથોપિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. તેમણે કહ્યું કે બેઠક દરમિયાન, બિન-પરંપરાગત સુરક્ષા પડકારોનો સામનો કરવા અને ઉભરતા વૈશ્વિક જોખમો સામે સામૂહિક પ્રતિભાવોને મજબૂત બનાવવા માટે સભ્ય દેશો વચ્ચે સહયોગ વધારવા પર ચર્ચા થઈ હતી.

ભારત-સંયુક્ત આરાબ અમીરાત સંરક્ષણ ભાગીદારી અંગે, પ્રવક્તાએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં સંયુક્ત આરાબ અમીરાત સાથે ભારતના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે.

બીજા પ્રશ્નના જવાબમાં, શ્રી જયસ્વાલે કહ્યું કે બાંગ્લાદેશમાં દેવી દેવતાઓના અપમાન અને વિરોધ પ્રદર્શનોના અહેવાલો આવ્યા છે. તેમણે કહ્યું કે ભારતને આશા છે કે બાંગ્લાદેશ સરકાર ઉગ્રવાદીઓને કાબૂમાં રાખશે અને લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરશે.

# FUR REV. SHAH- NAFED-1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કલમ 370 નાબૂદ થવાથી ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનું સ્વપ્ન સાકાર થયું છે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ડૉ. મુખર્જીના યોગદાનએ દેશની એકતા અને અખંડિતતા જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

નવી દિલ્હીમાં નાફેડના ઓક્શન પોર્ટલના શુભારંભ પ્રસંગે એક સભાને સંબોધતા શ્રી શાહે કહ્યું કે ૨૩ જૂન ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો માટે વિશેષ મહત્વ ધરાવે છે કારણ કે આ દિવસે શ્યામા પ્રસાદ મુખર્જીએ રાષ્ટ્રીય એકતા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું..

ગૃહમંત્રીએ કલમ ૩૭૦નો પણ ઉલ્લેખ કર્યો, જેણે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપ્યો હતો. તેમણે કહ્યું કે આ જોગવાઈએ પ્રદેશ માટે એક અલગ બંધારણીય માળખું બનાવ્યું, જેમાં તેનું પોતાનું બંધારણ, ધ્વજ, પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ હતા. તેમણે નોંધ્યું કે શ્યામા પ્રસાદ મુખર્જીએ આ વ્યવસ્થાનો સખત વિરોધ કર્યો હતો અને સૂત્ર આપ્યું હતું કે એક દેશમાં બે બંધારણ, બે ધ્વજ અને બે પ્રધાનમંત્રી હોઈ શકતા નથી.

(BYTE- AMIT SHAH ON -SPM)

આ પ્રસંગે, ગૃહમંત્રીએ ખેડૂતોની સીધી ભાગીદારીને મજબૂત બનાવવા માટે ખરીદી કામગીરીમાં વચેટિયાઓની ભૂમિકાને દૂર કરવા હાકલ કરી. શ્રી શાહે કહ્યું કે કઠોળ અને તેલીબિયાં સીધા ખેડૂતો પાસેથી ખરીદવા જોઈએ જેથી લઘુત્તમ ટેકાના ભાવનો સંપૂર્ણ લાભ તેમને મળે.

----2-------

# FUR REV. SHAH- NAFED-2

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે છેલ્લા દાયકામાં કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી શાહે NAFED ની ઘણી મહત્વપૂર્ણ ડિજિટલ અને ખેડૂત-કેન્દ્રિત પહેલો પણ શરૂ કરી.

(BYTE- AMIT SHAH -NAFED)

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# J&K AMARNATH MOCK DRILL

જમ્મુ અને કાશ્મીરમાં શ્રી અમરનાથ યાત્રાની તૈયારીઓના ભાગ રૂપે, સુરક્ષા દળોએ જમ્મુના અમરનાથ બેઝ કેમ્પ ખાતે એક મોક ડ્રીલ યોજી હતી.

આ કવાયત દરમિયાન, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG), જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના જવાનોએ સંયુક્ત રીતે બેઝ કેમ્પ પરિસરમાં શોધ અને સુરક્ષા અભિયાન ચલાવ્યું હતું. આ મોક ડ્રીલનો ઉદ્દેશ્ય વાર્ષિક યાત્રા દરમિયાન ઓપરેશનલ તૈયારીઓનું મૂલ્યાંકન કરવાનો, વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવાનો અને કોઈપણ સંભવિત ખતરાનો તાત્કાલિક જવાબ સુનિશ્ચિત કરવાનો હતો.

# INDIA – MONGOLIA

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે મંગોલિયાના વિદેશ મંત્રી બટ્ટેત્સેગ બટમુન્ખ અને ઉદ્યોગ અને ખાણકામ મંત્રી ગોંગોર દમદિન્યામ સાથે મંગોલિયન રિફાઇનરી પ્રોજેક્ટના બાંધકામ સ્થળની મુલાકાત લીધી. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે કહ્યું કે ભારત અને મંગોલિયા મિત્રતા પ્રોજેક્ટ સતત પ્રગતિ કરી રહ્યો છે. તેમણે સામેલ વિવિધ ટીમો સાથેના અમલીકરણ હેઠળના કાર્યોની સ્થિતિની પણ સમીક્ષા કરી. વિદેશ મંત્રીએ પ્રોજેક્ટ સ્થળ પર ભારતીય અને મંગોલિયન કર્મચારી સાથે પણ વાતચીત કરી. તેમણે પડકારજનક પરિસ્થિતિઓમાં આવા મોટા પ્રોજેક્ટ્સને સાકાર કરવા માટે તેમના સમર્પણ અને પ્રતિબદ્ધતાને સ્વીકારી.

# NTA- CUET 2026 RESULT

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી –NTAએ આજે સ્નાતક સંયુક્ત વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષા –CUET 2026ના પરિણામો જાહેર કર્યા. ઉમેદવારો સત્તાવાર CUET પોર્ટલ પર તેમના સ્કોર કાર્ડ ચકાસી જોઈ શકે છે. એજન્સી અનુસાર, આ વર્ષે પ્રવેશ પરીક્ષા માટે 15 લાખથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, અને 11 લાખથી વધુ ઉમેદવારોએ તેમાં હાજરી આપી હતી. એજન્સીએ જણાવ્યું હતું કે આ પરીક્ષા 19 દિવસમાં, 13 આંતરરાષ્ટ્રીય સ્થળો સહિત 321 શહેરોમાં 35 શિફ્ટમાં લેવામાં આવી હતી.

પ્રવેશ પરીક્ષા 11 મે થી 31 મે, 2026 દરમિયાન કમ્પ્યુટર-આધારિત મોડ દ્વારા લેવામાં આવી હતી, જેમાં વધારાના સત્રો 6 અને 7 જૂને યોજવામાં આવ્યા હતા.

# SHOOTING

ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય શૂટર્સે જર્મનીના સુહલમાં બે રજત અને એક કાંસ્ય સહિત ત્રણ વધુ ચંદ્રક જીત્યા.

શિવા નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ જુનિયર ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો, જ્યારે યુગ પ્રતાપ સિંહ રાઠોડે તે જ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો, જેનાથી ભારત માટે ડબલ પોડિયમ ફિનિશિંગ સુનિશ્ચિત થયું.

ભારતે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ જુનિયર ટીમ ઇવેન્ટમાં પણ રજત ચંદ્રક મેળવ્યો, જ્યાં શિવા નરવાલ, સંદીપ બિશ્નોઈ અને ચિરાગ શર્માની ત્રિપુટીએ સારું પ્રદર્શન કર્યું અને પોડિયમ પર પૂર્ણ કર્યું.

આ ત્રણ મેડલ સાથે, ભારતનો કુલ મેડલ 15 થઈ ગયા છે, જેમાં પાંચ સુવર્ણ, ત્રણ રજત અને સાત કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

# NIGERIA-COMMUNITY KILLING

નાઇજીરીયાના ઉત્તર-મધ્ય ક્ષેત્રમાં એક સમુદાય પર થયેલા હુમલામાં 20 લોકોના મોત થયા છે. પોલીસે કહ્યું કે રવિવારે બોક્કોસ પ્રદેશમાં કાવેલ સમુદાયમાં આ હુમલો થયો હતો. આ હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ જૂથે લીધી નથી.

સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર, ઉત્તરપૂર્વીય નાઇજીરીયામાં વર્ષોથી ચાલી રહેલા વિદ્રોહમાં હજારો લોકોના થયા છે અને લાખો લોકોને વિસ્થાપિત કર્યા છે. દેશના ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-મધ્ય ભાગોમાં પણ સશસ્ત્ર ગેંગ સક્રિય છે.

# NHAI- MOU RESEARCH

ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ -NHAIએ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ – NCAER સાથે સમજૂતી કરાર-MoU પર હસ્તાક્ષર કર્યા છે.

આ અંતર્ગત બંને મંત્રાલયો રાષ્ટ્રીય પરિવહન, ગતિશીલતા અને વાજબી આવવા જવાની વ્યવસ્થાની સ્થાપના કરવામાં આવશે. કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય માર્ગ અને પરિવહન ક્ષેત્રમાં લાંબા ગાળાના આયોજન, રોકાણ અને નીતિનિર્માણને ટેકો આપવા માટે ઉપયોગી આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો રહેશે. મંત્રાલયે જણાવ્યું કે સંશોધન ઉપરાંત, આ કેન્દ્ર નીતિ સંક્ષિપ્ત, કાર્યકારી પત્રો અને મુખ્ય અહેવાલો દ્વારા તારણો પ્રસારિત કરીને પરિવહન ક્ષેત્ર માટે જ્ઞાન કેન્દ્ર તરીકે સેવા આપશે.